# કેટલાંક વાલીની નકારાત્મક માનસિકતા

બાળકના ઘડતર અને સર્વાંગી વિકાસમાં વાલીની ભૂમિકા અનન્ય છે. બાળક માટે પહેલી શાળા ઘર છે. જ્યાંથી બાળક ઘણું ઘણું શીખે છે. શાળામાં આવ્યા પહેલાં અને આવ્યા પછી પણ ઘરના સંસ્કારોની અસર બાળક પર ખૂબ જ થાય છે. વાલીના એક એક વર્તનની નોંધ બાળક લેતું જ હોય છે. જેથી વાલીના વર્તનવ્યવહારની અસર બાળક પર થાય છે. આ બધું આજનો વાલી જાણે જ છે. જેથી કેટલાક વાલી બાળકના શિક્ષણ પાછળ સમય આપતા થઇ ગયા છે, તો વળી કેટલાક વાલી આ માટેની જવાબદારી મોટાના માથાં પર રાખવા માંગતો જ નથી. પરિણામ સ્વરૂપ સમાજમાં વાલીના બે ચહેરા જોવા મળે છે. આ બંને ચહેરાને પારખવા માટે હકારાત્મક અને નકારાત્મક સત્ય કેટલાક કિસ્સા પ્રસ્તુત છે. જેમાંથી વાલીને પ્રેરણા મળે તેમ છે.

હમણાં થોડા દિવસ પહેલાં એક વાલી પોતાના બાળકનું એલ.સી. કઢાવવા માટે એક શાળામાં ગયા. જઇને કહ્યું કેમારે મારા બાળકનું એલ.સી. કઢાવવાનું છે. ક્લાર્કે પૂછ્યું કે, કયા ધોરણમાં અને કયા વર્ગમાં અભ્યાસ કરે છે. ત્યારે વાલીનો જવાબ હતો ધો.૯-અમાં છે, ક્લાર્કે અરજી લઇને થોડા સમય માટે બેસવાનું કહ્યું. ક્લાર્કે ધોરણ ૯-અનું વિદ્યાર્થીનું રજિસ્ટર કાઢી નામ જોવાનો પ્રયત્ન કર્યો. પણ તેમાં વિદ્યાર્થીનું નામ ન હતું. ક્લાર્કને મનમાં થયું કે ધો.૯ના બીજા કોઇ વર્ગમાં હશે. જેથી તેને ધોરણ ૯ના તમામ વર્ગમાં વિદ્યાર્થીનું નામ શોધ્યું. નામ ન મળ્યું. ક્લાર્કે ધો.૯ના તમામ વર્ગશિક્ષકોને મળીને પૂછ્યું કે, તમારા વર્ગમાં આ નામનો વિદ્યાર્થી છે ? તમામ શિક્ષકે જવાબ "ના"માં આપ્યો. ક્લાર્ક વાલી પાસે આવીને કહ્યું કે.તમારા બાળકનું નામ ધો.૯માં તો ક્યાંય નથી. તમે ધોરણ તો ભૂલી નથી ગયા ને? આમ સાંભળતા જ વાળઉંશ્કેરાઇ ગયા, અને ક્લાર્કને બોલવા લાગ્યા કે, મારા બાળકની મને ખબર નહીં હોય. તમે બરાબર ચેક કરો વગેરે વગેરે. ક્લાર્કે વાલીને સમજાવ્યા. અંતે ક્લાર્કે પ્રશ્ન પૂછ્યો કે, તમારું બાળક કઇ શાળામાં ભણે છે ? ત્યારે વાલીએ બીજી જ કોઇ સ્કૂલનું નામ જણાવ્યું.ત્યારે ક્લાર્કે કહ્યુંકે, તમારું બાળક બીજી કોઇ શાળામાં ભણે છે અને તમે એલ.સી. કઢાવવા અહીં આવ્યા છો ! તમને એ પણ ખબર નથી કે, તમારું બાળક કઇ શાળામાં ભણે છે ?

ઘણી શાળાઓ તેમાં પણ ખાસ કરીને પ્રાથમિક શાળાઓ બાળકોને એક દિવસ માટે પિકનીક પર લઇ જતી હોય છે. ત્યારે શિક્ષકો વાલીને જણાવતા હોય છે કે, રાત્રે બાળકને કેટલા વાગે શાળા પર લેવા આવવાનું છે. રાત્રે જણાવેલ સમય મુજબ પિકનીક પરથી બાળકો પરત શાળામાં આવે તો પણ પંદર-વીસ બાળકોના વાલી બાળકને લેવા આવ્યા જ નહોય! બાળકો પાસે શિક્ષક ફોન કરાવે પછી આઠ-દસ વાલી લેવા માટે આવે. બાકીના પાંચ-સાત બાળકોને શિક્ષકો તેમના ઘેર મૂકવા જાય. ડોર બેલ વાગે, બારણું ખૂલે, બાળક ઘરમાં જાય, તો પણ કેટલાક વાલી શિક્ષકને ઘરમાં આવવાનું તો ન જ કહે, પણ થેન્કસ પણ ન કહે ! ગમે તે બહાના કાઢીને પોતાનો બચાવ કરવાનો પ્રયત્ન કરે !

કેટલીક શાળાઓ પરીક્ષા પછી બાળકની જવાબવહી તેમના વાલીને બતાવતા હોય છે. જેથી વાળીને ખ્યાલ આવે કે,તેનું બાળક ક્યાં કાચું છે કે કેવા પ્રકારની ભૂલો કરે છે. આવા પ્રસંગે કોઇ બાળક બે-ત્રણ માર્કસ માટે નાપાસ થતું હોય ત્યારે એવા વાલી પણ જોયા છે કે, પોતાના બાળકની જવાબવહીમાં ખોટો જવાબ રબર વડે ભૂંસી નાંખીને સાચો જવાબ લખીને શિક્ષક પાસે જઇને કહે કે, અહીં જવાબ સાચો હોવા

છતાં તમે ભૂલથી ખોટો આપ્યો છે ! શિક્ષક વાલીને પકડી પાડે તો આવા વાલી બહુ દલીલ ન કરે. ચાલશે, જે હશે તેમ કહીને ઉપકાર કરતા હોય તેમ વર્તન કરે !

એક વાલીએ પોતાના બાળકને પરીક્ષામાં બદાાં જ પ્રશ્નોના જવાબ લખવાની ખૂબ જ ભાર દઈને વારંવાર સૂચના આપેલી. પાંચમાંથી ચાર લખવાનું કહ્યું હોય તો પણ પાંચે પાંચ લખવાના જ. કશું જ છોડવાનું નહીં જ. પ્રથમ દિવસે જ વિદ્યાર્થીએ વૈકલ્પિક એકાદ પ્રશ્ન નો જવાબ નહીં લખેલો. જેથી વાલીએ તેને ખૂબ જ ખખડાવેલો. બીજા દિવસે ગુજરાતી વિષયનું પેપર હતું. બાળક ઘેર આવ્યો. વાલીએ પૂછયું કે, પેપર કેવું ગયું અને કશું છોડયું તો નથી ને ? બાળકનો જવાબ હતો કે, આજે પાછળના મોટાભાગના પ્રશ્નોના જવાબ લખવાના રહી ગયા. કારણ પૂછતા બાળકે જણાવ્યું કે, તમે કશું જ છોડવાની ના પાડેલી. પ્રથમ પ્રશ્ન નિબંધનો હતો, મેં એક નિબંધ ન લખતાં બધાંજ ચારે ચાર નિબંધ લખ્યાં. જેથી મારે સમય ખૂટયો ! અહીં વાલીએ કેવી, કેટલી અને કેવી રીતે સલાહ આપવી તેનો અધકચરો ખ્યાલ હોવાથી આવું બની શકે.

પ્રાથમિક શાળામાં બાળકને રજા જોઈતી હોય કે ગુહકાર્ય ના લાવે તો વાલીની સહીનો શિક્ષક આગ્રહ રાખતા હોય છે. ત્યારે કેટલાક વાલી સાચું કારણ ન જણાવતાં ખોટાં કારણ સાથે ચિઠ્ઠી લખી આપે છે અને સહી કરી આપે છે. જેની અસર બાળક પર એવી થાય છે કે, ક્યારેક બાળક પોતાના વાલીની સહી જાતે કરીને શિક્ષકને બતાવતા હોય છે. જો શિક્ષકને ખ્યાલ આવી જાય અને તે વાલીને રૂબરૂ બોલાવી ફરીયાદ કરે તો ક્યારેક વાલી પોતાનું બાળક શિક્ષક સામે હલકું ન પડે તે માટે બાળકનો બચાવ કરતાં પોતે જ સહી કરી છે, તેમ જણાવે છે. આમ થતાં ભવિષ્યમાં બાળક અવારનવાર જાતે સહી કરતું થઇ જાય છે. એટલું જ નહીં, કેટલાક વાલી, તેમાં પણ મમ્મીઓ પોતાના બાળકનું લેસન પોતે લખી આપતા હોય છે ! બાળક રડે કે ખાય નહીં કે ઊઘમાં આવે તો આજે પણ એવી ઘણી ઘણી મમ્મીઓ છે કે, જે પોતાના બાળકનું લેસન પોતે જ લખી આપે છે. મમ્મીઓને આમ કરવાથી શું ફાયદો થાય છે, તેની તો મને ખબર પડતી નથી, પણ બાળકને કેટલું નુકશાન જાય છે તેની સ્પષ્ટ ખબર પડે છે.

ધોરણ દસ-બારની પરીક્ષા ચાલતી હોય છે, ત્યારે કેટલાક વાલી બાળકને પરીક્ષામાં ચોરી કેવી રીતે કરવી તે શીખવતા હોય છે. એટલું જ નહીં ક્યારેક પોતે પણ બાળકને પરીક્ષાખંડ સુધી કાપલીઓ આપવા માટે જતાં હોય છે. પોતાના આ પરાક્રમને તેઓ ગૌરવથી લઇને બાળક સામે કે સગાં સામે કહેતા હોય છે. ત્યારે વાલી એ નથી વિચારતો કે, હું બાળકને ચોરી કરતાં શીખવું છું. બાળકે આજે અહીં ચોરી કરી, કાલે બીજી જગ્યાએ નહીં કરે તેની શી ખાતરી ? અને ધારો કે, કરે તો વાલી શું શીખામણ આપશે ?

ઉપરના કેટલાક ઉદાહરણો વાલીની નકારાત્મક માનસિકતા આપણી સમક્ષ રજૂ કરે છે. આમ કરનાર વાલીનું બાળક સર્વાંગી વિકાસ સાધી શકતું નથી કે નથી સારો-ઉચ્ચ માનવી બની શકતો. અંતે વાલી અને બાળકને પસ્તાવાનો જ વારો આવે છે. આવી માનસિકતા ધરાવનાર વાલીએ પોતાના વર્તન વ્યવહારમાં પરિવર્તન લાવવું જોઇએ અને પરિચિત કોઇ વાલી આમ કરતો હોય તો તેને રોકવો જોઇએ. એવું નથી કે મોટાભાગના વાલી આવી નકારાત્મક માનસિકતા ધરાવે છે, ઘણાં વાલી હકારાત્મક ઉદાહરણો પણ પૂરાં પાડે છે, જેની ચર્ચા હવે પછી ક્યારેક કરીશું.